# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-૪/૧૯-૨૦/૧૦૭૯-૧૨ તા. ૨૦.૦૨.૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ ના ચેરપર્સન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૨/ક્વા-૪/૧૯-૨૦

**અરજદાર:** ગોહેલ કરશનભાઈ ભાયાભાઈ ગામ ભાટગામ **સબડીવીઝન** : માંગરોળ ગ્રામ્ય

**રજૂઆત કરનાર:** અરજદાર ગેર હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

**સામાવાળા:** કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – માંગરોળ

**રજૂઆત કરનાર:** કાર્યપલક ઈજનેર શ્રી કે. ડી. નીનામા -પીજીવીસીએલ વિભાગીય કચેરી – માંગરોળ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

**સુનાવણી સ્થળ:** પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

**તારીખ:** ૧૩-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૦૨-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર/ગેરહાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ ભાટ ગામ ફીડર મા ગ્રાહક નં. – ૮૦૪૧૨/૦૦૧૩૩/૦ મા ગોહેલ કરશન ભાયા ના નામે વીજજોડાણ ધરાવે છે. તેઓના ખેતરમાં એલ.ટી. વાયર વૃક્ષ પડવાથી તુટી ગયેલ હોય –તેમજ સાવ ઢીલા હોય – જે કામગીરી બેદરકારી પૂર્વક કરીને એલ.ટી. ક્રોસ આર્મ ને દોરડા થી બાંધીને જતા રહયા છે. તેમજ, સદર જગ્યામા રામદેવ પીરનુ મંદીર હોવાથી માણસોની અવર–જવર હોય –કોઈપણ ઘટના બને તેની જવાબદારી પીજીવીસીએલ ની રહેશે. સદર બાબતે અગાઉ અરજી તા.૦૯–૧૦–૧૯ ના રોજ અપાયેલ હોવા છતા – કોઈ કાર્યવાહી થયેલ નથી. તેમજ, સદર જગ્યામા હાલ ઘઉ નુ વાવેતર છે. તેમજ જો તાર ભેગા થવાથી ઘઉ બળી જવાની શકયતા હોય – અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે-.તા.૦૮.૦૨.૨૦ ના રોજ સદર સ્થળે એલ.ટી. લાઈન ના ત્રણ ગાળાના વાયરો ખેંચાવી જરૂરી એલ.ટી. પોલ ક્રોસ આર્મ નંગ-૪ બદલાવી તેમજ સ્થળ પર નામી ગયેલ પોલ નંગ-૧ સીધો કરી-એક ધાય નવી લગાડી આપી અરજદારની ફરિયાદનું નિરાકરણ કરવામાં આવેલ છે. અરજદારની લેખિત સહીવાળું સમાધાન પત્ર તા.૦૮.૦૨.૨૦ થી રજુ કરાયેલ છે તે મુજબ અરજદારની ફરિયાદ નું સુખદ નિવારણ થતા અરજદાર ની સહીવાળું સંમતીપત્ર તા.૦૮.૦૨.૨૦૨૦ મુજબ નું ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ સુનાવણી સમયે ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

૪.૧ અરજદાર ની રજૂઆત અન્વયે પેરા નં ૨.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા - અરજદારની લેખિત સમંતિ મુજબ ૫ સમાધાનપત્ર(પુરશીશ) તા.૦૮.૦૨.૨૦૨૦ થી રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

**(કે. જે. મોટાણી)**
**સભ્ય (સ્વતંત્ર)**

**(જે.બી.પારેખ)**
**ચેરપર્સન**